# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/10/2025** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યના ત્રણ કરોડ 26 લાખ લોકોને દિવાળી દરમિયાન વિનામૂલ્યે અનાજનું વિતરણ કરાશે.**
2. **રાષ્ટ્રમંડળ રમત કારોબારી બોર્ડે વર્ષ-2030ની રાષ્ટ્રમંડળ રમતોનું આયોજન અમદાવાદમાં કરવા ભલામણ કરી.**
3. **રાજ્યની તમામ શાળાઓમાં દિવાળી વેકેશનનો આજથી પ્રારંભ**
4. **વર્ષ 2035માં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે સરકારનો આગામી દાયકા માટેનો વિકાસ એજન્ડા રજૂ.**
5. **અમદાવાદની શહેરી બસ સેવામાં દિવાળીના તહેવારોમાં નિ:શુલ્ક મુસાફરી કરી શકાશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# DIWALI ANAJ VITARAN

રાજ્યના 75 લાખથી વધુ રાશનકાર્ડ ધરાવનારા ત્રણ કરોડ 26 લાખ જેટલા સભ્યોને દિવાળી દરમિયાન વિનામૂલ્યે અનાજનું વિતરણ કરાશે.

રાજ્ય સરકારના આ નિર્ણય અંગે અન્ન-નાગરિક પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું , 17 હજારથી વધુ વાજબી ભાવની દુકાન પરથી આ તમામ સભ્યોને ઘઉં, ચોખા અને શ્રી અન્નનું વિતરણ કરાશે.

સાથે જ અંત્યોદય અને ગરીબી રેખા નીચે આવતા – BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું રાહતદરે વિતરણ કરાશે. જ્યા અંત્યોદય અન્ન યોજનાના પરિવારોને પ્રતિકાર્ડ કુલ 35 કિલો અનાજ અપાશે.

---

# COMMONWEALTH

રાષ્ટ્રમંડળ રમત કારોબારી બોર્ડે વર્ષ-2030ની રાષ્ટ્રમંડળ રમતોનું આયોજન અમદાવાદમાં કરવા ભલામણ કરી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ આ ભલામણને નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રમંડળ રમતોની સામાન્ય સભામાં રજૂ કરાશે. ત્યારે 1930માં શ રૂ થયેલા આ રમતોત્સવ શતાબ્દીની ઉજવણી અમદાવાદ ખાતે થાય તેવી પ્રબળ શક્યતા છે.

આ અંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે , રમતગમતને લગતી સબળ માળખાકીય સુવિધાઓ અને ખેલાડીઓ ઉભા કરીને તેને આંતરરાષ્ટ્રીય કક્ષા સમકક્ષ મુકવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોને લીધે જ આ બહુમાન ભારતને પ્રાપ્ત થવા જઈ રહ્યું છે.

---

# DIWALI VACATION

રાજ્યની તમામ શાળાઓમાં આજથી દિવાળી વેકેશન શરૂ થયું છે. 21 દિવસના વેકેશન બાદ 6 નવેમ્બરથી શાળાઓમાં બીજું શૈક્ષણિક સત્ર શરૂ થશે.

પ્રાથમિક શિક્ષણ વિભાગ અને ગુજરાત બોર્ડના કેલેન્ડર મુજબ ધોરણ 1 થી 12ની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ શાળાઓમાં પ્રથમ સત્રાંત પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે પાંચમી નવેમ્બર સુધી આ વૅકેશન રહેશે. ત્યારબાદ બીજી સત્ર શરૂ થશે જે 3 મે સુધી ચાલશે.

---

# GUJARAT@75

રાજ્ય સરકારે વર્ષ 2035 માં ગુજરાત રાજ્યની સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે આગામી દાયકા માટેનો વિકાસ એજન્ડા રજૂ કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ‘ગુજરાત@75: એજન્ડા ફોર 2035’નું અનાવરણ કર્યું. તેમણે ગુજરાત એટ 75 – ઍજન્ડા ફૉર 2035 અ ડિકેટ ઑફ ઍક્સલરૅશન ટુવર્ડ્ઝ વિકસિત ગુજરાત ઍટ 2047 પુસ્તકનું વિમોચન પણ કર્યું.

(BYTE: BHUPENDRA PATEL, CM)

આ કાર્ય યોજનામાં ચાર I - ઇન્ફ્રાસ્ટ્રક્ચર એટ્લે કે માળખાગત સુવિધા, ઇનોવેશન-નવીનતા), ઈન્ડિવિજ્યુઅલ્સ-વ્યક્તિઓ અને ઇન્સ્ટિટ્યૂશન્સ એટ્લે કે સંસ્થાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. તે અંતર્ગત 7 હજાર 500

શાળાઓમાં AI-આધારિત શિક્ષણ, 75 એડવાન્સ્ડ સ્કિલ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના અને 75 લાખ નોકરીઓ ઊભી કરવાનું લક્ષ્ય રખાયું છે.

---

## VIKAS SAPTAH

સરકારનાં વડા તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 24 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં યોજાયેલા વિકાસ સપ્તાહનું ગઇકાલે સમાપન થયું.

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આ સમાપન સમારોહને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , આ વિકાસ સપ્તાહ દરમિયાન રાજ્યમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના 488 જેટલા વિકાસકાર્યોની ભેટ મળી છે.

આ પ્રસંગે શ્રી પટેલે બે હજાર 885 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં. રાજ્યના વિશ્વ-વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં કેન્દ્રીય જાહેર સેવા આયોગ – UPSC સનદી સેવાઓ સહિતની સ્પર્ધાત્મકપરીક્ષાઓ માટે માર્ગદર્શન આપવા 10 ભારતીય વહીવટ સેવા – IASના તાલીમ કેન્દ્રનો પણ પ્રારંભ કરાયો.

---

## VIKAS SAPTHA CELEBRATION

રાજ્યભરમાં યોજાયેલ વિકાસ સપ્તાહની પૂર્ણાહૂતી અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં કાર્યક્રમો યોજાયા.

આણંદ ખાતે એ.પી.સી. સર્કલથી ટાઉનહોલ સુધી વિકાસ પદયાત્રા યોજાઈ. જેમાં ધારાસભ્યો સહિત પદાધિકારીઓ અને લોકો જોડાયા હતા.

પંચમહાલના ગોધરા ખાતે જિલ્લાકક્ષાનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ મંત્રી ડૉ.કુબેર ડીંડોરની અધ્યક્ષતામાં યોજાયો. આ તકે મંત્રીશ્રીના હસ્તે 23 કરોડ 33 લાખ રૂપિયાના 857 કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહુર્ત કરવામાં આવ્યુ.

વિકાસ સપ્તાહ અંતર્ગત મહેસાણા જિલ્લાને 60 કરોડ રૂપિયાના 191 વિકાસકાર્યોની ભેટ મળી છે. મહેસાણાના ધારાસભ્ય મુકેશ પટેલે આ કાર્યક્રમમાં કહ્યું કે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે અને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

---

## PM 24

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સરકારના વડા તરીકે 24 વર્ષના શાસનમાં 'ખેલ મહાકુંભ'થી લઈને 'ખેલો ઇન્ડિયા 'જેવા પ્રયોગોએ યુવા સશક્તિકરણને વેગ આપ્યો છે.

આ આયોજનમાં દર વર્ષે હજારો ખેલાડીઓ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે , જેમાંથી અનેક આજે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છે.

આ અંગે ઊંચી કૂદના ખેલાડી જામોરભાઈએ પ્રતિક્રિયા આપી.

**(બાઈટ - જામોરભાઈ, ખેલાડી (ઊંચી કૂદ)**

---

## AMTS FREE SERVICE

અમદાવાદમાં ચાલતી સિટી બસ સેવા AMTSમાં અમદાવાદીઓ ત્રણ દિવસ ફ્રી મુસાફરી કરી શકશે. અમદાવાદ મહાનગર પાલિકાએ જનતા માટે આ જાહેરાત કરી છે.

અમદાવાદ મહાનગર પાલિકાએ આપેલી જાણકારી પ્રમાણે અમદાવાદમાં લોકો ધનતેરસ (18 ઓક્ટોબર), કાળી ચૌદસ (19 ઓક્ટોબર) અને દિવાળી (20 ઓક્ટોબર) ત્રણ દિવસ AMTSમાં નિઃશુલ્ક મુસાફરી કરી શકશે.

સ્વદેશી ઝુંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા માટે તંત્રએ આ નિર્ણય લીધો છે. એટલે કે આ ત્રણ દિવસ દરમિયાન જે લોકો મુસાફરી માટે AMTS સુવિધાનો લાભ લેશે તેણે કોઈ પૈસા આપવા પડશે નહીં.

---

## DGP MEET

દિવાળીના તહેવારોમાં કાયદો-વ્યવસ્થા જાળવવા અંગે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી સમીક્ષા બેઠક યોજી.

ગાંધીનગર પોલીસ ભવન ખાતે તેમણે વર્ચ્યુયલ માધ્યમથી અધિકારીઓને પોલીસ પેટ્રોલિંગ, ડ્રોન સર્વેલન્સ અને ટ્રાફિક વ્યવસ્થાપન પર વિશેષ ભાર મૂકવા સૂચનાઓ આપી.

### (બાઇટ : વિકાસ સહાય, DGP)

સુરક્ષાના પગલાં વધારવા માટે ઘરેણાંની દુકાનોના માલિકો સાથે બેઠક યોજવા અને જરૂરી માર્ગદર્શન આપવા પણ આદેશ આપવામાં આવ્યા છે.

---

# SABARMATI HARIDWAR TRAIN

દિવાળી અને છઠ પૂજાના તહેવારને લઈને પશ્ચિમ રેલવેએ સાબરમતી – ગોરખપૂર અને સાબરમતી બેગૂસરાય વચ્ચે અનારક્ષિત વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

પશ્ચિમ રેલવેના જન સંપર્ક અધિકારી અજય સોલંકીએ જણાવ્યુ , સાબરમતી–ગોરખપૂર ત્રિ-સાપ્તાહિક વિશેષ ટ્રેન આજથી સાબરમતીથી ઉપડશે.

**(બાઇટ : અજય સોલંકી, PRO)**

---

# GST AGRICULTURE

કેન્દ્ર સરકાર દ્વારા વસ્તુ અને સેવા કર – GSTના દરમાં કરાયેલા ફેરફારથી તમામ વર્ગના લોકોને લાભ થઈ રહ્યો છે. ખેતીના યંત્રો, સિંચાઈના સાધનો પરનો GST હવે 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાતા ખર્ચમાં ઘટાડો થયો છે.

તાજેતરમાં મહેસાણામાં સૌપ્રથમ યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં એક પ્રદર્શનીમાં ભાગ લેનારા અને કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા ડૉક્ટર આશુતોષ વડાલાએ સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો.

**(બાઈટ- ડૉ. આશુતોષ વડાલા)**

---